પૂર્ણા યોજના અંતર્ગત રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2022/0054/B-1

સચિવાલય ગાંધીનગર

તા. /૦૧/૨૦૨૩

**વંચાણે લીધા:-**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ, તા.૧૯/૦૮/૨૦૧૯
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા.૦૨/૦૨/૨૦૨૨
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૯/૨૧૪/બ-૧, તા.૦૪/૦૨/૨૦૨૨

**આમુખ**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાએ પૂર્ણા કન્સલ્ટન્ટની સેવાઓ ૧૧-માસ માટે આઉટસોર્સથી મેળવવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબત મંજૂર થયેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) પરના ઠરાવથી પૂર્ણા યોજના હેઠળની કુલ-૪૨ આઉટસોર્સની સેવાઓ તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ હતી. પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાના ઉક્ત ૪૨ પૂર્ણા કન્સલ્ટન્ટની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**//ઠરાવ//**

પૂર્ણા યોજનાની કામગીરી માટે રાજ્ય, ઝોન અને જિલ્લા કક્ષાના નીચે દર્શાવેલ ૪૨ કન્સલ્ટન્ટની આઉટસોર્સની સેવાઓ વધુ ૧૧-માસ માટે એટલે કે તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૧ | ૪૦,૦૦૦/- |
| ૨ | રિજનલ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૩ | ૩૫,૦૦૦/- |
| ૩ | ડિસ્ટ્રીક્ટ પૂર્ણા કન્સલ્ટન્ટ | ૩૮ | ૨૦,૦૦૦/- |
| કુલ | | ૪૨ | |

૨/- ૧૧-માસ બાદ આ જગ્યાઓની સેવાઓ ચાલુ રાખવાની જરૂર જણાય તો આ વિભાગ મારફત નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૩ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઇ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ........................
4. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
5. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.........................
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by: J I Leuva
Date: 2023.01.13
18:29:24 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign